ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૭-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

# નિર્બળ અનધિકૃત વિપક્ષની દુર્દશા

'ટ્રાઈ'ના ચેરમેન રહી ચૂકેલા નૃપેન્દ્ર મિશ્રાને સચિવ તરીકે પસંદ કરવા પાછળ નરેન્દ્ર મોદીએ એમની કાર્યક્ષમતા અને પરિણામલક્ષિતાનો જ વિચાર કર્યો હશે. કાયદાની રૂએ ટ્રાઈનો નિવૃત્ત અધિકારી નોકરીમાં ન લેવાય, એ વ્યવધાન દૂર કરવા એમને વડાપ્રધાનપદની ખુરશી સંભાળતાંવેંત વટહુકમથી કામ લેવું પડ્યું, તે સૂચક છે. આવડી મોટી નોકરશાહીમાં મોદી - રાજાએ એક ખાસ તજ્જ્ઞ પર આંગળી મૂકી. એને પોતાના સ્ટાફમાં સમાવવા વિશેષાધિકાર વાપરી અધ્યાદેશ લાવવો પડ્યો. મોદીની આ શાસન પદ્ધતિમાં વિપક્ષોને જ નહીં, આમ આદમીને પણ તાનાશાહી તત્ત્વ દેખાયું હોય તો એમાં દોષ કોનો? ખરું પૂછો તો કોઈ પણ સત્તાધારી શાસકની પ્રકૃતિમાં આ તત્ત્વ વત્તેઓછે અંશે વણાયેલું હોય છે. વિપક્ષમાં ગણગણાટ થયો, પરંતુ એ અંગેનું બિલ લોકસભામાં પસાર કરવામાં ભારી બહુમતી ધરાવતા શાસક પક્ષને કોઈ તકલીફ ન જ પડે, તે સમજી શકાય એમ છે. વળી, અધિકૃત વિપક્ષ તો આ વખતની લોકસભામાં રહ્યો છે જ કયાં? એના જે ભગ્નાવશેષ બચ્યા છે તે રાજયસભામાં જરૂર હાકલા પડકારા કરશે પરંતુ મોદી જેનું નામ. ત્યાં એ યુપીએનાં ઘટક દળોમાં જ ફાચર મારવામાં કામિયાબ રહ્યા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા શરદ પવારને નૃપેન્દ્ર મિશ્રા મુદ્દે મોદીનો વિરોધ કરવામાં કોઈ શાણપણ નથી વરતાતું. ટૂંકમાં, જે કોંગ્રેસ એક ક્ષુલ્લક મુદ્દો ઉપસ્થિત કરીને વડાપ્રધાનને મૂંઝવવાની તૈયારી કરી રહી હતી એની યોજનામાં ડાબેરીઓનો સાથ તો મેળવી શકી પણ કોંગ્રેસ કુળના જ ઘટક પક્ષે એની યોજનામાં પંકચર પાડી દીધું છે. મહારાષ્ટ્રની વિધાન સભાની ચૂંટણીનાં મેઘાડંબર ગાજે છે તે જ ટાણે શરદ પવારની આ વ્યૂહાત્મક રાજરમતની સોનિયા - રાહુલ સહિતની કોંગ્રેસ જરૂર સમસમી ગઈ હશે પણ કહે કોને! કોંગ્રેસની આ કમનસીબીના મૂળમાં એની કર્મકુંડળી પડેલી છે. હજી એ રાષ્ટ્રીય પક્ષ હોવાના જૂના પુરાણા ખ્યાલોમાં જ રાચી રહી છે. વળી યુપીએના મુખ્ય ઘટક તરીકે એ આવા સંવેદનશીલ મુદ્દે સાથી પક્ષો સાથે ચર્ચા વિચારણા કરવા જેટલો પણ વિવેક ચૂકી જાય છે. શરદ પવાર એમના માતૃપક્ષને વારંવાર આવા આકરા વીજશોક આપતા રહ્યા છે. અગાઉ તો એમને સરકારમાં મંત્રીપદાં સાચવવાનાં હતા, હવે તો ગરજ ઊલટાની કોંગ્રેસને પડવાની છે. લોકસભામાં હાંસિયે ધકેલાઈ ગયેલી કોંગ્રેસ નજીકના ભવિષ્યમાં યોજાનાર, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પણ કુટાઈ મરે, એની તમામ શકયતાઓ છે. તેથી પ્રદેશ કક્ષાએ શરદ રાવના ભત્રીજા અને મહાષ્ટ્ર સરકારના નાયબ મુખ્યમંક્ષીએ આગોતરી ચીમકી ઉચ્ચારી છે. ફિફટી-ફિપટીનો મેળ ન બેસે તો રાષ્ટ્રવાદી કોંગ્રેસ પોતાની તાકાત પર મહારાષ્ટ્રની તમામ બેઠકો લડી લેવાના મૂડમાં છે. એ જુદી વાત છે કે મોદી વાવાઝોડામાં મહારાષ્ટ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીએ જબ્બર કાઠું કાઢ્યું હોઈ હવે શિવસેનાને એ 'મોટા ભાઈ' તરીકે સ્વીકારવાના મૂડમાં ન હોઈ, ત્યાં પણ બખડજંતર શરૂ થઈ ગયું છે. મનસેના રાજ ઠાકરે હવે મોદીની જાહેરમાં મજાક ઉડાવવા લાગ્યા છે. એમને ઉદ્ધવ ઠાકરેનું વેર વાળવા માટે કદાચ શરદ પવારની આંગળી પકડવી પડે તો પણ હીણપત નહીં લાગે. કોંગ્રેસે લોકસભામાં વિપક્ષ તરીકેની માન્યતા મેળવવા ધમપછાડા શરૂ કર્યા તેથી એની રહી સહી આબરૂના લીરા ઊડી રહ્યા છે. ઉદારતાપૂર્વક નરેન્દ્ર મોદીની સરકારે નિયતમાં ફેરફાર કરીને કોંગ્રેસને એ પદ આપ્યું હોય તો એથી એમની ઈમેજ ઊજળી બની હોત. પરંતુ આ મુદ્દે મોદીએ અને એમની પાર્ટીએ કૃપણતા દાખવી હોય ત્યારે કોંગ્રેસની નેતાગીરીએ ચૂપચાપ કઠોર વાસ્તવિકતાનો સ્વીકર કરી, દિલ્હીની લોકસભા કરતાં આમ પ્રજાની સાચી લોકસભાના મંચ પર નવેસરથી એકડો ઘૂંટવાની જરૂર હતી. સત્તા સિવાય બેચેની અનુભવતી કોંગ્રેસી નેતાગીરીએ નેશનલ હેરાલ્ડ મુદ્દે આવકવેરાની નોટિક મળતાં એમને બદલાની ભાવનાથી થયેલ કાર્યવાહી લેખાવી છે. એ સાચું કે મોદી બદલો લઈને જંપવાના છે, પરંતુ કોંગ્રેસે એની તૈયારી રાખવી જ રહી. સમય હતો ત્યારે કોંગ્રેસ મોદીને અટકાવી નથી શકી. હવે એને માટે સજા ભોગવવા સિવાય કોઈ વિકલ્પ જ રહેતો નથી.



ગજાનન સેવાસમિતિ વિવિધ તહેવાર નિમિત્તે કાર્યક્રમો કરે છે. વનવાસી વિસ્તારમાં બાળકોની સાથે ઉજવણી કરે છે. ગૌરીવ્રત નિમિત્તે ભીલોડા તાલુકાની શાળાઓમાં ૫૦૦ થી વધારે દીકરીઓને ટુવાલ, નવા કપડાં, પેન્સીલ તથા પાટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલ પ્રાથમિક શાળા, નવાગામ, શામળાજી, ભવાનપુર, ગઢીયા, ભેટાલી આશ્રમ શાળા, માવજીપુરામાં વિતરણ કરેલ હતું. ત્રણ આંગણવાડીમાં બધા બાળકોને નાસ્તો તથા કપડા આપ્યા હતા. ઘરમાં એક ટુવાલ આપવામાં આવ્યો છે. આ કાર્યમાં શ્રૃતિ ગુપ્તે, અંજનાબેન જોષી, સ્વરા, શ્લોક તથા મિલિન્દ ગુપ્તે હતા.

## સારી આદતો અને શારીરિક તંદુરસ્તીના ચિન્હો વિષય પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

શાળાના વિદ્યાર્થીઓમાં સારી આદતો પડે અને તેમનું શરીર તંદુરસ્ત રહે તે વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેકટર-૨૩માં આવેલ એસ.જી. પટેલ ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કુલમાં આયોજન કરવામાં આવ્યું હતું. શાળા દ્વારા બાળકોના ભવિષ્યને લઈને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાયમરી સ્કુલ સેકટર-૨૩માં ગત તા. ૯ જુલાઈના રોજ ઓડિટોરીયમ હોલમાં બાળકોમાં તંદુરસ્ત ટેવો અને શારીરિક તંદુરસ્તીના ચિન્હો વિષય પર માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. અનિલ ચૌહાણે વરસાદી વાતાવરણમાં મચ્છરોના ઉપદ્રવથી થતા જીવલેણ રોગો મેલેરિયા, ડેન્ગ્યુ પર રસ પૂર્વકની માહિતી આપી હતી.

તેમજ ડૉ. મમતા દત્તાણીએ દશ્ય શ્રાવ્ય સાધનો સાથે ચિકન ગુનિયા રોગ અને તે કેવી રીતે ફેલાય છે તેની વિગતે માહિતી પુરી પાડી હતી તેમજ ચોમાસામાં જ તંદુરસ્તી બગડે છે તેનાથી સાવધાન રહેવું જોઈએ તેમ જણાવ્યું હતું.

ધો-૮ના વિદ્યાર્થીઓને સેકટર-૨૩માં આવેલ સરકારી દવાખાનાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા જયાં દર્દીઓને આપવામાં આવતી સારવાર અને દવાઓની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં શિલ્પાબેન પટેલ, રમેશભાઈ ગોહેલ અને આચાર્યા મિલિસિંગ હાજર રહ્યા હતાં.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાનો કાર્યક્રમ યોજાયો

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય દ્વારા ગુરૂવંદન છાત્ર અભિનંદનના કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ગુરૂવંદનાના કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. શિક્ષકોને વિદ્યાર્થીઓએ તિલક કરી પુષ્પ આપ્યું હતું. અને ચરણસ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા હતા. શાળાના શિક્ષકશ્રીઓને શ્રેષ્ઠ શિક્ષક તરીકે નવાજી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીશ્રી શોભનાબા તથા ઉપાચાર્ય નરેન્દ્રસિંહ ચૌહાણે ગુરૂનો વિદ્યાર્થીઓને ફરજ સંબંધો વિષે સમજ આપી હતી. શાળાના ટ્રસ્ટીઓ તથા વાલીઓ હાજર રહ્યા હતા.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાતે

પોલીસની બાળ માનસ ઉપર પડેલી નકારાત્મક છાપ સુધારવાના આશયથી શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. સુરક્ષા સેતુ હેઠળ પ્રજા અને પોલીસ વચ્ચે અંતર ઘટે તે માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. પોલીસ ઈન્સ્પેકટરશ્રી પ્રવિણભાઈ વલેરાની પ્રેરણાથી સેકટર-૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો હતો. સુરક્ષા સેતુના શ્રી અરવિંદભાઈ રાણાએ સેવાઓ આપી હતી. ૨૧૦ વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ મુલાકાતથી કામગીરી નિહાળી હતી. પો. ઈન્સ્પેકટર શ્રી ભરતસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

## સાયલા ખાતે વાર્તા લેખિકાઓ માટે ત્રિદિવસીય વાર્તા શિબિર યોજાયો

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અને રાજસોભાગ આશ્રમ, સાયલાના સંયુકત ઉપક્રમે વાર્તા લેખિકાઓ માટે એક શિબિર યોજવામાં આવ્યો હતો. તા. ૨૦, ૨૧, ૨૨ જુન ૨૦૧૪ના રોજ યોજાયેલ ત્રિદિવસીય વાર્તા શિબિરમાં ગુજરાતના વિવિધ વિસ્તારો તથા મુંબઈથી પણ કુલ ૨૮ લેખિકાઓ ઉપસ્થિત રહી હતી.

પ્રથમ દિવસે ઉદઘાટન બેઠકમાં રાજસોભાગ આશ્રમના શ્રી ચંદ્રકાન્ત વ્યાસે સહુનું સ્વાગત કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો. વાર્તાકાર રમેશ ર. દવેએ વાર્તા શિબિરની ભૂમિકા રજુ કરી હતી. પરિષદના મહામંત્રી પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક વકતવ્યમાં પરિષદની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. શ્રી નલિનભાઈ કોઠારી (પૂ ભાઈશ્રી) એ શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, કલા, અધ્યાત્મ વગેરે પાસાંને આવરી લઈ સ્પંદન અનુભૂતિની સચ્ચાઈ સાથેના સાહિત્યનો મહિમા દર્શાવ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી ધીરુભાઈ પરીખે વિશ્વના કેટલાક મહાન વાર્તાકારો, શ્રેષ્ઠ વાર્તાઓના ઉદાહરણો ટાંકી સાહિત્યનાં કલાતત્વ, સમાજ માનવજીવન પર તેના પ્રભાવની વાત કરી હતી. બેઠકનું સંચાલન પ્રજ્ઞા પટેલે કર્યું હતું.

ત્રણ દિવસના આ વાર્તાશિબિરમાં જાણીતા વાર્તાકાર સર્વશ્રી રમેશ ર. દવે, કિરીટ દૂધાત અને બિંદુ ભટ્ટે ઉપસ્થિત રહી લેખિકાઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. ત્રણે દિવસ વિવિધ બેઠકોમાં નિવડલી વાર્તાનું વાંચન-ચર્ચા, લેખન કાર્ય, વાર્તા વાંચન-ચર્ચા, જૂથ ચર્ચા કરવામાં આવ્યા હતા. શિબિર માર્ગદર્શકોએ નીવડેલી વાર્તાનું વાચંન કર્યું હતું. સાથે જ સારી નિવડેલી-ટકોરાબંધ વાર્તા કેવી હોવી જોઈએ, વાર્તાનાં વિવિધ ઘટકો, અંત-આરંભ, શૈલી, ભાષા કર્મ, નિરૂપણ રીતિ વગેરે વિશે પણ ખૂબ જ રસપ્રદ ચર્ચા-ચિંતન થયાં હતાં.

ઉલ્લેખનીય છે કે એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત વાર્તા શિબિર અંતર્ગત અગાઉ બે કાર્યક્રમ યોજાયા હતા. એના ત્રીજા તબક્કા રૂપે આ ઘનિષ્ઠ શિબિર યોજાયો હતો. સંયોજક તરીકે શ્રી પારુલ દેસાઈ અને પ્રજ્ઞા પટેલે સહયોગી ભૂમિકા ભજવી હતી.

સમાપન બેઠક રાજસોભાગ આશ્રમના શ્રી વિક્રમભાઈની નિશ્રામાં યોજાઈ હતી. તેમણે મનનીય વકતવ્ય સાથે પોતાની પ્રસન્નતા વ્યકત કરી હતી. લેખિકાઓએ શિબિરને પોતાના વાર્તા લેખન માટે ખુબ ઉપકારક ગણાવી પોતાના પ્રતિભાવ આપ્યા હતા. ઉપસ્થિત સહુએ પોતાની પ્રસન્નતા-સંતોષની લાગણી વ્યકત કરી હતી. પરિષદ વતીથી શ્રી પારુલ દેસાઈએ આભારની લાગણી વ્યકત કરી હતી.

## હરિની દ્રષ્ટિ...




**સાહેબ, અત્યારના સમયમાં અનહદ પ્રદુષણનું કારણ મળી ગયું છે, તેના માટે જવાબદાર આ માણસ છે, જેણે પૈડાની શોધ કરી હતી...!!**

## કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવતો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

શહેરની પાસેના કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂનો મહિમા વર્ણવતા ગીત-ભજનોની સ્પર્ધા યોજવામાં આવી હતી.

નગરની પાસેના કોલવડાની કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂનો મહિમા વર્ણવતા ગીતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ધોરણ- ૯ થી ૧૨ ના પંદર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના પટાંગણમાં ગુરૂ ભક્તિના ગીતો રજૂ થતા ભક્તિમય વાતાવરણ સર્જાવા પામ્યું હતું. દરેક વિદ્યાર્થીએ પોતાની આગવી શૈલીમાં ગુરૂનો મહિમા વર્ણવ્યો હતો.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે સેજલ વાઘેલા, બીજા ક્રમે જયશ્રી વાઘેલા આવ્યા હતા. શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ગુરૂ કોણ ? ગુરૂ કેવા ? ગુરૂનું કાર્ય અને ગુરૂની જીવનમાં મહત્વ પર વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શિક્ષક પ્રકાશભાઈ પટેલ, પ્રવિણાબેન પ્રજાપતિ અને સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકારે કેટલામાં પગાર પંચને મંજૂરી આપી હતી છે ?
→ **સાતમાં**
૨. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ સાતમાં પગાર પંચના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
→ **અશોક કુમાર માથુર**
૩. વર્ષ ૨૦૧૩માં કઇ ભારતીય યુવતીએ મિસ વર્લ્ડ ૨૦૧૩ની સ્પર્ધામાં મલ્ટી મિડીયા એવોર્ડ જીત્યો હતો?
→ **નવનીત કૌર ધિલ્લોન**
૪. વર્ષ ૨૦૧૪માં પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત અમિતાભ બચ્ચને કયું નવુ સૂત્ર આપ્યું છે ?
→ **"દો બૂંદ ઝિંદગી કી"**
૫. વર્ષ ૨૦૧૪માં વિરાટ કોહલીએ ૧૧૯ વન-ડે ઇનિંગમાં ૧૮ સદી ફટકારવાના વર્લ્ડ રેકોર્ડ કરી કોનો રેકોર્ડ તોડયો છે ?
→ **સૌરભ ગાંગુલી**
૬. વર્ષ ૨૦૧૪માં રમાયેલી હોકી વર્લ્ડ લીગ ફાઇનલમાં ભારત કેટલામાં ક્રમે રહ્યું હતું ?
→ **(છઠ્ઠા)**
૭. વર્ષ ૨૦૧૪માં ચેન્નાઇ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જીતનાર ખેલાડી સ્ટેનિસ્લાસ વાવરિંકા એ ફાઇનલ મેચમાં કોને હાર આપી હતી?
→ **રોજર વેસલિન**
૮. રોજર વેસલિન કયા દેશના ટેનિસ ખેલાડી છે ?
→ **સ્વિત્ઝરલેન્ડ**
૯. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી બ્રિસ્બેન ઇન્ટરનેશલ ટેનિસ ટુર્નામેન્ટની ફાઇનલમાં કયા ખેલાડીએ રોજન ફેડરરને હરાવી ખિતાબ જીત્યો હતો ?
→ **લેટન હેવિટ**
૧૦. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી એશિઝ સિરીઝમાં ૩૭ વિકેટ ઝડપનાર કયા બોલરને 'મેન ઓફ ધ સિરીઝ' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
→ **મિચેલ જહોન્સન**
૧૧. વર્ષ ૨૦૧૪માં ગાયિકા આશા ભોંસલે કયા શહેરની યુનિવર્સિટીએ માનદ ડોકટરેટની ડિગ્રી એનાયત કરી છે ?
→ **પૂણે**
૧૨. વર્ષ ૨૦૧૪માં કેન્દ્રની યુપીએ સરકારે કેટલી નવી રોજગારીની તકોનું સર્જન કરવાની જાહેરાત કરી છે?
→ **૮.૫૦ લાખ**
૧૩. વર્તમાન વર્ષમાં ભારત સરકારે પી.એફ.નો વ્યાજ દર કેટલા ટકા વધાર્યો છે ?
→ **૦.૨૫ ટકા**
૧૪. વૈશ્વિક રિટેલ જાયન્ટ કંપની વોલમાર્ટે ભારતમાં બિઝનેશ કરવા નવી કઇ કંપનીની સ્થાપના કરી છે?
→ **વોલમાર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિ.**
૧૫. વર્ષ ૨૦૧૪માં ભારત દ્વારા કયા વ્યક્તિની યાદમાં ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે ?
→ **જગજીતસિંહ**
૧૬. વર્ષ ૨૦૧૪માં દક્ષિણ ધ્રુવની સફળ ખેડનાર બ્રિટનનો ૧૬ વર્ષીય કિશોર કોણ છે ?
→ **લ્યુઅસ કલાર્ક**
૧૭. દક્ષિણ ધ્રુવની સફળ ખેડનાર લ્યુઅસ કલાર્કે કેટલા કિ.મી.ની યાત્રા કરી હતી ?
→ **૧૧૨૯, કેટલા દિવસ-૪૮**
૧૮. વર્ષ ૨૦૧૪માં કયાં જૈન ધર્મના અગ્રણી ગુજરાતીનું નિધન થયું છે ?
→ **દીપચંદ ગાડી**
૧૯. વર્ષ ૨૦૧૪માં ઉર્દૂ સાહિત્યના કયા વિવેચકનું નિધન થયું હતું ?
→ **વારિસ અલી**
૨૦. વર્ષ ૨૦૧૪માં કયા ગુજરાતી સામાજિક મહિલા કાર્યકરનું નિધન થયું હતું ?
→ **ઇલાબેન પાઠક**

# સ્ત્રીઓના આપઘાતના કારણો અનેક હોઇ શકે છે, પણ તેનું એક મુખ્ય કારણ એ સામાજિક, આર્થિક સમસ્યામાં જોવા મળે છે

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે પરીણિત સ્ત્રીઓના આપઘાત સંદર્ભેના ચુકાદાઓની ગત્ અંકમાં ચર્ચા કરી. ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક)ની સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩ માં પણ સુધારો કરવામાં આવેલ છે તે બાબત પણ આપણે ચર્ચા કરી. પરીણિત સ્ત્રીના જીવનમાં એવું તો શું બધું બની જાય છે કે તેણી કંટાળીને, હારીને, થાકીને આપઘાત કરવા પ્રેરાય છે અથવા તો તેણીને મારી નાખવામાં આવે છે. આપણે રીર્પોટેડ જજમેન્ટની ચર્ચા કરી.

સ્ત્રીઓના આપઘાતના કારણો અનેક હોઈ શકે છે, પરંતુ તેનું એક મુખ્ય કારણ એ સામાજિક, આર્થિક સમસ્યા જોવા મળે છે. અનુભવના આધારે એવું પણ લાગે છે કે આત્મનિર્ભર, સ્વનિર્ભર મહિલાઓ કેટલીકવાર જીંદગીનો જંગ જીતી જતી હોય છે. અનેક એવી મહિલાઓને મળવાનું થયું છે આમ જૂઓ તો ખરેખર તો જીંદગીનો જે જંગ છે તેને એક ચેલેન્જ તરીકે સ્વીકારીને વ્યકિત પોતાની કેડી જાતે કંડારતા શીખે તો આજુબાજુનું એક આધારસમુ પર્યાવરણ ઉભુ થતું હોય છે. આત્મનિર્ભર થવા અર્થેનો પ્રથમ સંકલ્પ શિક્ષણ હોઈ શકે છે અને તેથી જ સ્ત્રીઓના વિકાસ માટે સ્ત્રી શિક્ષણ ઉપર બહુ ભાર મુકવામાં આવે છે. કેટલીક સ્ત્રીઓ તો સંપૂર્ણ અભણ છે તેઓને જીંદગીમાં ભણવાની તક મળી નથી અને છતાં પણ પોતાની હથોટીને કારણે એટલેકે કોઈપણ પૂકારના હાથ કૌશલ્યને કારણે આવી સ્ત્રીઓએ સંઘર્ષના સમયમાં પોતાની જાતને પુરવાર કરે છે.

આમ તો આ કોલમમાં આપણે કાયદા બાબતે ચર્ચા કરી રહયા છીએ. કોઈપણ પરીણિત સ્ત્રીને તેનો પતિ ઘરમાંથી કાઢી મુકે અથવા તો એવા સંજોગો ઉભા કરે કે આવી સ્ત્રીને ઘર છોડવું પડે તે સંજોગોમાં આવી પરીણિત સ્ત્રી પતિ પાસેથી ભરણપોષણ મેળવવા હકદાર બને છે. એક દિવસ એક સ્ત્રીએ એમ કહયું કે હું ભરણપોષણની અરજી દાખલ કરીને શું કરું? અને માત્ર ભરણપોષણના હકુમથી કાયમી રસ્તો નિકળી જશે? આ સ્ત્રીને સમજાવવાનો પ્રયત્ન થયો કે જો પતિ સામે ભરણપોષણની અરજી દાખલ થાય તો પત્ની અને બાળકોને ભરણપોષણ મળી શકે. દરેક વ્યકિતને જીવવા માટે રહેઠાણ, ભોજન, વગેરે આવશ્યક તત્વો છે. પતિ તરફથી ભરણપોષણની રકમ મળે તો પત્ની અને બાળકોને આર્થિક હાડમારી ઓછી પડે.

આ બહેનનો સામે પ્રશ્ન હતો કે તેણીનો પતિ કોર્ટના હુકમ છતાં ભરણપોષણ ન ભરે તો? વળી, એમ પણ જણાવતી હતી કે તેણીનો પતિ જીંદગી બાબતે બિલ્કુલ ગંભીર રીતે વિચાર કરતો નથી. તેણી એમ જણાવતી હતી કે, તેણીનો પતિ કામે પણ નિયમિત જતો નથી અને આ બધી બાબતનું કારણ પતિના માતાપિતાએ નાનપણથી કુટુંબની સ્થિતિની ગંભીરતા અંગે કોઈ દરકાર લીધી નથી.

એક સ્ત્રીને આ પૂકારે વિચારવું અને તે પણ કોઈ એક છેવાડાના વિસ્તારની ઝુંપડામાં રહેતી એક ગરીબ અને અભણ બહેનની મનોવ્યથા હદયને હલબલાવી ગઈ તે સ્ત્રી વારંવાર પુછતી હતી કે મને કોઈ એવી મદદ મળી શકે જેનાથી હું મારું જાતે તેમજ બાળકોનું ભરણપોષણ કરી શકું? આ સ્ત્રી એટલે વર્ષો પહેલા અમારા કેન્દ્ર ઉપર આવેલી રીટા.

રીટાની જો વાત વિગતવાર જોઈએ તો, રીટાના લગ્ન જ્ઞાતિના રિવાજ મુજબ પોતાની જ જ્ઞાતિના એક યુવક સાથે થયાં. પ્રથમ તો રીટા સાસુ-સસરા અને પતિ સાથે રહેવા ગામડે ગઈ. ગામડે પતિ હરેશને બાપદાદાની ખેતી હતી. હરેશના માતાપિતા અને બાપદાદાનું કુટુંબ એ ગામડે રહેતું. બધાની ખેતીની જમીન સંયુકત હતી અને ખેતીનું ખાતું દાદાના નામથી ચાલ્યું આવતું. આખા કુટુંબની ખેતી સંદર્ભેની મહેનત છતાં માત્ર ખેતીના આધારે સમગૂ કુટંબુ નો જીવન નિર્વાહ મુશ્કેલ હતો. આમ જૂઓ તો ગામડાઓ અનેક કારણસર તુટી રહયા છે. આપણે મોર્ડન ખેતી તરફ જેવી અને જેટલી પ્રગતિ કરવી જોઈએ તે ઘણાંબધા કારણસર પૂગતિ કરી શકયા નથી. પ્રગતિશીલ ખેડૂતો પણ બહુ જૂજ સંખ્યામાં જોવા મળે છે. ગામડાઓને જો મજૂબત કરી દેવામાં આવે તો અનેક સમસ્યાના નિવારણ સાથે કૌટુંબિક સમસ્યાનું પણ નિવારણ થઈ શકે તેમ છે તેવું અનૂભવના આધારે લાગે છે. ખેર! રીટા અને હરેશની વાત પર પાછા આવીએ તો,

રીટા તો સંસ્કારી કુટુંબની છોકરી છે, સવારે વહેલા ઉઠીને રોટલા બનાવવા, ગાયો દોહવી, એ બધા કામથી લઈને ઘરના તમામ કામકાજો આટોપીને પતિ, સસરા અને કુટુંબીઓનું ભાત લઈ અને ખેતરે જવામાં પણ રીટાને થાક લાગતો નથી. રીટા એક મહેનતુ સ્ત્રી છે અને તમામ કામકાજમાં પોતાના પતિને સાથ આપવા માંગે છે. આખો દિવસ ઘરનું કામ અને સાથે ખેતીનું કામ અને છતાં પતિની રીટા પૂત્યેની નારાજગી. પતિ હરેશ ખરેખર ખેતીમાં થતી ઓછી ઉપજનીપજને કારણે ઉદાસ રહેતો હોય છે. ગામડામાં અનેક કુટુંબો એવા જોવા મળે છે કે કુટુંબના બે સભ્યો નાનું મોટું કામ શોધીને શહેર તરફ જતા રહે છે અને બાકીના ઘરના સભ્યો ઘર અને ખેતી સંભાળે છે. વારતહેવારે કુટુંબના સભ્યો ગામડે ભેગા થાય અને આમ ગામડાનુ ઘર જાળવી રાખતા હોય છે, જે છોકરા-છોકરીઓ શહેરમાં ભણે તેઓને ખેતી કામની રૂચી રહેતી નથી અને તે રીતે વર્ષો જતાં પોતાની ખેતીની જમીન અન્ય ભાગવી ખેડવા આપી દેતાં જોવા મળે છે.

હરેશના કિસ્સામાં પણ આવું જ કાંઈક બન્યું હતું ખેતીની ઓછી ઉપજને કારણે હરશે શહેર તરફ મીટ માંડે છે, હરેશ ટ્રેકટર ડ્રાઈવીંગનો નિષ્ણાંત છે અને પોતાનું ટ્રેકટર પણ છે. શહેરમાં જઈને તપાસ કરતાં ખબર પડી કે ટ્રેકટર ચલાવીને પણ રોજના રૂા.૫૦૦/- થી ૭૦૦/- મળી શકે તેમ છે.

દેખિતી રીતે કેટલીક બાબતો ખૂબ સારી લાગતી હોય છે પરંતુ વાસ્તવમાં જયારે વહેવારમાં એ બાબતો અમલમાં આવે ત્યારે તેની બધી જ કઠણાઈઓ માલુમ પડે છે. હરેશ તો રોજના રૂા.૫૦૦/- કમાણીથી અંજાઈને શહેરમાં રહેવા લલચાઈ જાય છે. ગામડાના ચોખ્ખા હવા પાણી અને ચોખ્ખા દુધ-દહી, સાથે સાથે મોટા મકાન પણ ખરા હોં! આ બધું છોડીને એક મફતીયાપરામાં એક નાનકડી ઓરડી રહેવા માટે ભાડે રાખે છે. ઘણીવાર એવો વિચાર આવે કે આ પૂમાણે મોટું ઘર છોડીને વ્યકિત નાનકડી ઓરડીમાં કેમ રહેવા જતો હશે ? શહેરની જાગજમાલ અને શહેરી જીવન શરૂઆતમાં વ્યકિતને ખૂબ આકર્ષે છે અને તે જ રીતે હરેશ પણ શહેરના રંગીલા જીવનથી ખૂબ આર્કષાઈ છે. દરરોજના રૂા.૫૦૦/- ની આવક એ સાંભળીને સારુ લાગે પરંતુ જે દિવસે ટ્રેકટરનો ફેરો મળે તે જ દિવસે આવક થાય તે કડવી વાસ્તવિકતા છે. વળી, શહેરના મોંઘા શાકભાજી અને વેચાતા દુધ દહીને હરેશને કલ્પના જ કયાંથી હોય ? ઘરે તો જોઈતા શાકભાજી પોતાની જમીનમાં જ ઉગે અને ગાય-ભેંસ પણ પોતાના તેથી તેવો ખર્ચ તો થતો ન હોય.

હરેશ અને રીટા મફતીયાપરામાં ઓરડી લઈને સાથે રહેવા તો લાગ્યા પરંતુ ટંકી અને અનિયમિત આવકમાં હરેશ, રીટા અને બે બાળકોનું જીવન જીવવું ઘણું વિકટ હતું. એકવાર ગામડેથી આવ્યા પછી શહેરમાંથી પાછા જવાનો વિચાર પણ વ્યકિતને ગમતો નથી. મોટાભાગના લોકોને એવું લાગતું હોય છે કે શહેરમાં સારુ શિક્ષણ બાળકો પૂાપ્ત કરે તો ભવિષ્ય ઉજજવળ થાય અને આવી આશાએ અનેક માતાપિતા ખૂબ સંઘર્ષમાંથી પસાર થતા હોય છે. હરેશ એક દિવસ રીટાને કહયા વગર ઘર છોડીને જતો રહયો. લાંબા સમય સુધી રીટા કે બાળકોની ચિંતા પણ ન કરી.

રીટાના જીવનમાં આગળ શું બન્યું? રીટાનું હાથ કૈશલ્ય અને સખત પરિશ્રમની ટેવ રીટાને કેવી રીતે મદદરૂપ થઈ? રીટાના બાળકોનું શું થયું ? હરેશનો પત્તો મળ્યો ?... પ્રશ્નોના જવાબ સાથે અને એક આત્મનિર્ભર મહિલાના સંઘર્ષની ગાથા સાથે મળીએ આવતે અંકે...